ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# વરસાદી વાતાવરણ છતાં અસહ્ય બફારો

ગાંધીનગર, તા. ૧૮

સમગ્ર રાજ્યમાં વરસાદી વાતાવરણ છવાયુ છે પરંતુ ગાંધીનગર શહેરમાં અસહ્ય ગરમી અને બફારાનો અનુભવ થઈ રહ્યો છે. વરસાદી વાતાવરણ ચોક્કસ છવાયુ છે પરંતુ આખો દિવસ વરસાદ ન પડતા સાંજે તો બફારો ખુબ અસહ્ય બન્યો હતો.

હવામાન વિભાગની આગાહી અનુસાર સમગ્ર ગુજરાતમાં વરસાદી વાતાવરણ છવાયુ છે. સમગ્ર રાજ્યના વિવિધ વિસ્તારોમાં ખુબ વરસાદ પડી રહ્યો છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના અલગ અલગ વિસ્તારોમાં આભ ફાટ્યુ હોય તેવો સાંબેલાધાર વરસાદ પડી રહ્યો છે. જો કે ગાંધીનગરમાં વરસાદનુ આગમન થયુ નથી. ગઈકાલથી આકાશમાં વાદળોનો જમાવડો જોવા મળ્યો હતો પરંતુ વરસાદ પડ્યો ન હતો. આજે પણ સવારથી જ આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા. દિવસ દરમ્યાન ઘણીવાર એવુ બન્યુ હતુ કે વરસાદ હમણા તુટી પડશે પરંતુ એવુ બન્યુ ન હતુ. છેક સાંજ સુધી વાદળોની અવરજવર ચાલુ રહી હતી. વાદળો ઘેરાયેલા રહ્યા હતા પરંતુ પવન સાવ બંધ થઈ જતાં ખુબ બફારો અનુભવાયો હતો. ખુબ ગરમી અને ઉકળાટના કારણે વસાહતીઓ ત્રાસી ગયા હતા. ફુલસ્પીડે પંખા અને એસી ચલાવવા પડ્યા હતા. હવામાન વિભાગે જણાવ્યુ છે કે ગાંધીનગર અને તેની આસપાસના વિસ્તારોમાં વરસાદી માહોલ હજુ યથાવત રહેશે અને એકાદ બે દિવસમાં વરસાદ પડી શકે છે.

## જિલ્લામાં ૧૯ થી ૨૩ જુલાઈ દરમ્યાન મધ્યમથી ભારે વરસાદનું પૂર્વાનુમાન

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં ૧૯ થી ૨૩ જુલાઈ દરમ્યાન વરસાદી માહોલ જામશે તેવુ હવામાન-પૂર્વાનુમાન દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરાતા હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૩૦માં જણાવવામાં આવ્યુ છે.

આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે આગામી પાંચ દિવસમાં આકાશ મુખ્યત્વે વાદળછાયુ રહેવાની સંભાવના છે. જિલ્લામાં મોટા ભાગના વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદ પડવાની સંભાવનાઓ છે.

મહત્તમ તાપમાન ૩૧-૩૩ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૬-૨૭ ડિગ્રી સે. રહેવા સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૨ થી ૮૬ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.

પવનની સરેરાશ ગતિ ૧૧ થી ૧૬ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. આમ જિલ્લામાં ૨૩મી સુધી વરસાદી માહોલ જોવા મળશે. ૨૦મી જુલાઈ અને ૨૩ જુલાઈના રોજ સારો વરસાદ તેમજ અન્ય દિવસોમાં હળવાથી મધ્યમ વરસાદ થશે.

આ બુલેટીનમાં ખેડૂતોને પણ સલાહ આપતાં જણાવવામાં આવ્યુ છે કે વાવણી કરેલ ચોમાસુ પાકોમાં આંતર ખેડ, નિંદામણ, પારવણી, ખાલા પૂરવા જેવા ખેતીકાર્ય કરવા. તૈયાર મરચી, ટામેટી, રીંગણ જેવા શાકભાજી પાકોના ધરૂની ફેર રોપણી કરવી.

કપાસ, મગફળી, બાજરી, તલ અને કઠોળ પાંકમાં જરૂરીયાત મુજબ વરાપે ખાલા પુરવાની કામગીરી કરવા માટે સૂચવવામાં આવ્યુ છે.



વાદળછાયું વાતાવરણ - મંગળવારે વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ શહેરમાં હતું... વરસાદી માહોલ અનુભવાતો હતો... અસહ્ય બફારાની વચ્ચે વરસાદની રાહ જોતા પશુ-પક્ષીઓ પણ મોડીસાંજે નારાજ થયા હતા... ભારે વરસાદની આગાહી વચ્ચે મંગળવારનો દિવસ કોરોકટ રહ્યો હતો.

## મિલેટ વર્ષની ઉજવણી અંતર્ગત આજે મિલેટ વાનગી સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા પંચાયતના સરદાર હોલમાં મિલેટ વર્ષની ઉજવણી અંતર્ગત મિલેટ વાનગી સ્પર્ધા જિલ્લાકક્ષાનું આયોજન કરાયુ છે. આંગણવાડીની બહેનો આ સ્પર્ધામાં ભાગ લેશે. ઘટક કક્ષાએ અને ત્યાંથી તાલુકા કક્ષાની સ્પર્ધાઓ સંપન્ન થતાં આ જિલ્લાકક્ષાની સ્પર્ધા પંચાયતના સરદાર હોલમાં યોજાશે. ૨૧ સ્પર્ધકો વચ્ચે આ સ્પર્ધા યોજવામાં આવશે.

જિલ્લા પ્રોજેક્ટ અધિકારીના જણાવ્યાનુસાર આ સ્પર્ધામાં સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા માટે જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત પ્રમુખ, મહિલા બાળ વિકાસ સમિતિના ચેરમેન, વિભાગીય નિયામક પણ ઉપસ્થિત રહેનાર છે. તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લાકક્ષાએ વિજેતા બનનાર ત્રણ સ્પર્ધકો ઝોન કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે.

તેમણે જણાવ્યુ હતુ કે મિલેટ વર્ષની ઉજવણી અંતર્ગત યોજાઈ રહેલ આ સ્પર્ધામાં મિલેટની જ વાનગીઓ રજુ કરવામાં આવશે. આ સ્પર્ધા માટે ત્રણ નિષ્ણાતોની ટીમ બનાવવામાં આવી છે અને પાંચ જેટલી બાબતોના મૂલ્યાંકનને આધારે વિજેતાઓ નિયત કરવામાં આવશે.

તેમણે કહ્યુ હતુ કે સવારે ૧૨ વાગે સરદાર હોલમાં આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાએ અનોખુ આકર્ષણ અમારી આંગણવાડીના કર્મચારીઓમાં ભારે જણાયુ છે.

## ગ્રામીણ વિસ્તારમાં વાહકજન્ય રોગચાળાએ દેખા દીધી

### રોગચાળાની સ્થિતિ નિયંત્રણમાં રહે તે માટે હરકતમાં આવ્યુ : રોગચાળા સામે જન જાગૃત્તિ અભિયાન સઘન બનાવવાનો નિર્ણય

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ વધતાં જ આરોગ્યતંત્ર વાહકજન્ય રોગચાળાની સ્થિતિ નિયંત્રણમાં રહે તે માટે હરકતમાં આવ્યુ છે.

જિલ્લામાં વાહકજન્ય રોગચાળાના કેસો શરૂ થયા છે. હાલ તો છુટાછવાયા કેસો મળી રહ્યાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. જિલ્લાના ચારેય તાલુકામાં આ દસકનો વિક્રમી વરસાદ નોંધાયો છે. આ વખતે વરસાદી પાણી ભરાઈ રહેવાની ઘટનાઓ પણ વધી હોવાથી મચ્છરોની ઉત્પત્તિ માટેનું સાનુકૂળ વાતાવરણ મળી રહ્યુ છે. તેથી તંત્રએ હરકતમાં આવી વાહકજન્ય રોગચાળા સામે જન જાગૃત્તિ અભિયાન સઘન બનાવવાનો નિર્ણય કર્યો છે.

જિલ્લાના ચારેય તાલુકામાં વાહકજન્ય રોગચાળાના કેસોએ દેખા દીધી છે. તંત્ર દ્વારા આજે કલોલ ખાતે આ સ્થિતિને લઈ તાલુકા કક્ષાએ ખાસ સમીક્ષા પણ યોજવામાં આવી હતી. મળતી વિગતો પ્રમાણે આજે યોજાયેલ સમીક્ષા બેઠકમાં સઘન સર્વેલન્સ તેમજ જન જાગૃત્તિ અભિયાન પર ભાર મુકવામાં આવ્યો હતો.

વાહકજન્ય રોગચાળા માટેના અટકાયતી પગલાંઓ જે સરળ છે તેનો પ્રચાર જ અભિયાનમાં સમજ આપી લોકોને જાગૃત કરવા તેમજ રોગચાળાને પ્રસરતો કેવી રીતે અટકાવી શકાય, પાણી ભરાઈ ના રહે તે જોવા પણ ખાસ સૂચના આપવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર, કલોલ, માણસા અને દહેગામ એમ ચારેય તાલુકાઓમાં આગામી દિવસોમાં બેઠકો યોજવામાં આવશે.

જિલ્લામાં હાલ સરકારની સૂચના મુજબ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનો બીજો રાઉન્ડ ચાલી રહ્યો છે. મચ્છરોની ઉત્પત્તિ અટકે તે માટેના તમામ પ્રયાસો કરવા પર આજની બેઠકમાં ભાર મુકવામાં આવ્યો હતો.

જિલ્લામાં વાહકજન્ય રોગચાળા માટેના સંવેદનશીલ વિસ્તારોને ઓળખી કાઢી અલગ તારવવામાં આવ્યા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. આ વિસ્તારોમાં સઘન સર્વેલન્સ ચાલી રહ્યાનું પણ આ સૂત્રોએ સ્વીકાર્યુ છે.

## ગુડા ૨.૫૫ અબજની તળિયાની કીંમતના બે પ્લોટની હરાજી કરશે

### માળખાગત સુવિધાના કામો સહીતના તોતિંગ ખર્ચને પહોંચી વળવા ગુડા તબક્કાવાર હરાજી કરી પ્લોટનુ વેચાણ કરે છે

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આર્થિક ભીંસને દુર કરવા માટે તબક્કાવાર પ્લોટની હરાજી કરવા માટે પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે. જયારે માળખાગત સુવિધા અને પ્રોજેકટને ધ્યાનમાં રાખી ખર્ચને પહોંચી વળવા માટે ગુડાએ વધુ બે પ્લોટની હરાજી કરવાનો નિર્ણય લીધો છે. જેમાં ટી પી સ્કીમ નં - ૯ અને ૬ માં બે પ્લોટની હરાજી કરાશે આ બે પ્લોટની તળિયાની કીંમત રૂ ૨. ૫૫ અબજની થાય છે. જયારે ટી પી -૯ માં ૧૨૫૭૩ ચો મી નો પ્લોટ પ્રતિ મીટરનો ભાવ રૂ ૧. ૨૩ લાખ જયારે ટી પી - ૬ માં ૧૨૫૭૩ નો પ્લોટ રૂ ૯૦૪૦૦ ના ભાવે હરાજી માટે મુકવામાં આવશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળનો મોટાભાગનો વિસ્તાર મહાનગરપાલિકમાં સમાવિષ્ટ કરી દેવાયે છે. હદ વિભાજનના અંતે ગુડાના ૧૮ ગામો પણ કોર્પોરેશન વિસ્તારમાં આવી ગયા છે. જયારે આ સ્થિતિ વચ્ચે ગુડાની આર્થિક સંકડામણ પણ વધી છે. ગુડાના બજેટમાં પણ ૬૦૦ કરોડના ખર્ચને અનુલક્ષી ગુડાના પ્લોટ વેંચીને ખર્ચને પહોંચી વળવા માટે નિર્ણય કરાયો હતો. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા કપાતની જમીનમાંથી મળેલા રહેણાંકના અને કોર્મશિયલ પ્લોટનુ વેચાણ કરવા માટે તબક્કાવાર હરાજી કરવામાં આવે છે. જયારે ગુડા દ્વારા થોડા સમય અગાઉ પણ હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી જયારે વધુ બે પ્લોટની હરાજી કરવા માટે પણ નિર્ણય કરાયો છે. ગુડા કપાતની જમીનનુ વેચાણ કરે છે. જયારે આ પ્લોટ સંદર્ભે તળિયાની કીંમત લેન્ડ ડિસ્પોઝલ અને લેન્ડ પ્રાઇઝ ફીકસીંગ કમિટી નક્કી કરે છે. જો કે બજાર ભાવના અભ્યાસના અંતે કમિટી કક્ષાએથી પ્રતિ ચો મી ભાવ નક્કી કરવામાં આવે છે. જયારે ઉવારસદ, સરગાસણ, તારાપુર વિસ્તારને સમાવતી ટી પી સ્કીમ નં -૬૫૯૫ ચો મી ના વાણિજય હેતુના પ્લોટની જમીનની કીંમત રૂ ૧.૨૩ લાખ મુજબ ૮૧,૧૧,૮૫૦૦૦ તેમજ સરગાસણ , કુડાસણ તેમજ પોર વિસ્તારની ટી પી સ્કીમ નં - ૬ ના ૧૨૫૭૩ ચો મી ના વાણિજય હેતુના પ્લોટની પ્રતિ ચો મી જમીનની કીંમત રૂ ૯૦,૪૦૦ રૂ ૧,૭૩,૬૫,૯૯,૨૦૦ નિયત કરવામાં આવી છે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગત જુન મહીનામાં પ્લોટની હરાજી કરવામાં આવી હતી જયારે આ હરાજી દરમિયાન વાવોલના એક પ્લોટમાં તળિયાની કીંમતની સાપેક્ષમાં માત્ર રૂ ૨૦૦ ભાવવધારો મળી શકયો હતો. જયારે અન્ય એક પ્લોટમાં તળિયાની કીંમત સામે પ્રતિ ચો મી રૂ ૪૦૦ નો ભાવવધારો મળ્યો હતો. જયારે આ પ્લોટની હરાજીમાં ૧૦ જેટલી અરજીઓ આવી હતી જયારે એકવારની બોલીમાં હરાજી થઇ હતી આ ઉપરાંત અન્ય એક પ્લોટમાં ૫ બિલ્ડરોએ ભાગ લીધો હતો જયારે આ સ્થિતિ વચ્ચે ઓનલાઇન હરાજીમાં પણ રીંગ થવાની સંભાવનના લીધે આ બન્ને પ્લોટની હરાજીને રદ કરવા સુધીનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

## ઈન્દ્રોડામાં ગામ ફરતે ૫ કરોડના ખર્ચે પાણીની નવી લાઈન નાંખવામાં આવશે

### ઇન્દ્રોડામાં પાણીની સમસ્યાને ડામવા મોટાડાયામીટરની લાઇન , બોરવેલ અન્ડર ગ્રાઉન્ડ સંપ સહીતની વ્યવસ્થા ઉભી કરાશે

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં પાણીની નવી લાઈન નાંખવામાં આવી રહી છે. જયારે શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પણ પાણી ફોર્સથી મળી રહે તે માટે તબક્કાવાર નવતર આયોજન કરવામાં આવી રહ્યુ છે. ઈન્દ્રોડા ગામમાં પણ ચાર દાયકા જુની લાઈન બદલવામાં આવશે ગામની ફરતે મોટા ડાયામીટરવાળી નવી લાઈન નાંખવામાં આવશે જયારે બોરવેલ તેમજ અન્ડર ગ્રાઉન્ડ સંપ તૈયાર કરી પમ્પીંગથી પાણીનો સપ્લાય આપવાની વ્યવસ્થા ગોઠવાશે. આ કાર્યયોજના અન્વયે અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગરમાં એકબાજુ ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવામાં આવી રહી છે. પાણીના પ્રોજેકટ પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જયારે શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પાંચ દાયકાના અંતે પણ માળખાગત સુવિધાઓના મામલે સ્થાનિકોમાં અસંતોષની લાગણી છે. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પાણીની સમસ્યાને ડામવા માટે અગાઉ નવા બોર તેમજ સંપ તૈયાર કરાયા હતા જો કે હજુ નળ સે જળ યોજના અન્વયે નવા જોડાણ આપવાનુ ઠેકાણુ પડયુ નથી નળ સે જળ યોજના અન્વયે છેલ્લા બે વર્ષથી નિતી નક્કી થઇ શકી નથી જેના લીધે ગેરકાયદેસર જોડાણને કાયદેસર કરવા સહીત જરૂર મુજબ જોડાણ આપવાની કામગીરી પણ થઇ શકી નથી શહેરી ગામોમાં આ યોજનાને અનુલક્ષી જરૂરી ઠેકાણે નવી લાઈન નાંખવાનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે જુની સાંકડી તેમજ કટાયેલી લાઈન પણ બદલવામાં આવી રહી છે. શહેરના ઈન્દ્રોડા ગામમાં પણ અંદાજિત ૪૦ વર્ષ જુની પાણીની લાઈનનુ નેટવર્ક બદલવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. જેને અનુલક્ષીને ગામની ચારેબાજુ મોટા ડાયામીટરવાળી લાઈન નાંખવામાં આવશે. આ ઉપરાંત વિવિધ જગ્યાએ બોરવેલ બનાવવા તેમજ અન્ડરગ્રાઉન્ડ સંપ બનાવી પમ્પીંગથી પાણી સપ્લાય કરવાની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવશે. શહેરના સેકટરોમાં જે મુજબ પાણીના નેટવર્ક માટે નવી લાઈન નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવી છે તે મુજબ ઈન્દ્રોડા ગામમાં પણ વર્ષો જુની લાઈન બદલવા માટે કામગીરી હાથ ધરવામાં આવશે દાયકાઓ જુની લાઈનના લીધે અનેકવાર સમસ્યા સર્જાય છે. લીકેજ તેમજ પાણીના ફોર્સ સહીતની સમસ્યા પણ ઉદભવે છે. જયારે ઈન્દ્રોડામાં ફરતે નવી લાઈન નાંખવા માટે અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ કરાશે જયારે આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા પણ ટુંકમાં હાથ ધરવામાં આવશે.

## પ્રાથમિક શિક્ષકોની જિલ્લાફેર બદલીનો કેમ્પ ૨૬, ૨૭, ૨૮ના રોજ મહુડી ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં પ્રા. શાળાના શિક્ષકોની જિલ્લાફેર બદલી માટેનો ત્રિ-દિવસીય કેમ્પ મહુડી પગાર કેન્દ્ર શાળા નં. ૧ ખાતે યોજવામાં આવનાર છે.

૨૬, ૨૭, ૨૮ જુલાઈ દરમ્યાન યોજાનાર આ કેમ્પમાં પ્રથમ દિવસે ધો. ૧ થી ૫ માટે અગ્રતા મુજબ ફેરબદલીની કામગીરી કરવામાં આવશે. એજ પ્રમાણે બપોરે ૧ વાગ્યાથી ગણિત-વિજ્ઞાન વિષયના ધો. ૬ થી ૮ શિક્ષકો માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૨૭મીએ ધો. ૧ થી ૫ માં એક તરફી તેમજ ધો. ૬ થી ૮ માં ગણિત વિજ્ઞાન વિષય માટે એક તરફી બદલીની કાર્યવાહી હાથ ધરાશે.

૨૮મીએ ધો. ૬ થી ૮ માં ભાષાના વિષય માટે અગ્રતા મુજબ તેમજ એક તરફી બદલીની કામગીરી હાથ ધરવામાં આવશે. બપોરે ૧ વાગ્યા પછી ધો. ૬ થી ૮ માં સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષકોની એક તરફી અને અગ્રતા મુજબ બદલીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જિલ્લામાં ધો. ૧ થી ૫ માટે ૧૫૦ થી વધુ તેમજ ગણિત-ભાષા-વિજ્ઞાન માટે ૧૦૦થી વધુ જગ્યાઓ ખાલી હોવાનું જાણવા મળેલ છે.

## જિલ્લામાં આજથી પશુધનને ખરવા-મોવાસાની રસી અપાશે

ગાંધીનગર, તા. ૧૮

ચોમાસાની ઋતુને પગલે જિલ્લામાં આજથી પશુપાલન શાખા દ્વારા જિલ્લાના પશુઓમાં ખરવા મોવાસા રસીકરણનો આરંભ કરવામાં આવશે.

જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. એસ.આઈ. પટેલના જણાવ્યાનુસાર આ રસીનો ત્રીજો રાઉન્ડ યોજાવા જઈ રહ્યો છે. જિલ્લાના ચાર લાખથી વધુ પશુધનને આ રસીકણ અભિયાનમાં આવરી લેવામાં આવનાર છે.

તેમણે જણાવ્યુ હતુ કે ગળસૂંઢાનું રસીકરણ સંપન્ન થઈ ગયુ છે. ખરવા-મોવાસાની આ રસી વિનામૂલ્યે આપવામાં આવનાર છે. આ અંગેનું આયોજન પણ તૈયાર થઈ ગયુ છે. રસીનો પુરતો જથ્થો તંત્ર પાસે ઉપલબ્ધ હોવાનું તેમણે કહ્યુ હતુ.

## પાણીના મીટર મુકવા ઘરોના કમ્પાઉન્ડમાં ટાઈલ્સ તોડવાના મામલે વિરોધ ઉઠ્યો

### મીટર મુકવા આંગણામાં એકાદ મીટરમાં તોડફોડ મામલે તોડફોડ કરવાની થતા સ્થાનિકોમાં વિરોધ : તંત્ર માટે કામ કરવાનુ મુશ્કેલ

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજના અન્વયે શહેરના સેકટરોમાં નવી લાઈન નાંખવામાં આવી રહી છે. જો કે આ પ્રોજેકટનુ કામ પુર્ણ થતા હજુ સમય લાગશે હાલ શહેરના જુના સેકટરોમાં નવી લાઈન નાંખવાનુ કામ પુર્ણતાના આરે છે. અલબત્ત મુખ્ય લાઈનનુ કામ પુર્ણ થઈ ગયુ છે. જયારે હવે ઘરોમાં જોડાણ આપવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં મીટર મુકવા માટે પણ ગતિવિધિ શરૂ કરવામાં આવી છે. પરંતુ આ મામલે સ્થાનિક રહીશોમાં અનેક મુદ્દે વિરોધ જોવા મળી રહ્યો છે. પાણીના મીટર મુકવા માટે ઘરના જોડાણની લાઈન મુજબ દેખાય તેમ કમ્પાઉન્ડમાં મીટર મુકવાનુ થાય છે. પરંતુ કમ્પાઉન્ડમાં ટાઈલ્સ કે માર્બલ તુટી જવાના મુદ્દે પણ સ્થાનિકો દ્વારા વિરોધની સાથે રોષની લાગણી પ્રવર્તી છે.

ગાંધીનગરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજનાનુ કામ હાલ પ્રગતિ હેઠળ છે. શહેરના જુના સેકટરોમાં નવી લાઈન નાંખવાની કામગીરી મોટાભાગે પુર્ણતાના આરે છે. જયારે આગામી દિવસોમાં નવા સેકટરોના રીંગ રોડ પર નવી લાઈન સંદર્ભે ખોદકામ હાથ ધરવામાં આવશે. શહેરમાં મીટર પધ્ધતિથી ૨૪ કલાક પાણી સપ્લાય કરવામાં આવશે. શહેરના જુના સેકટરોમાં હાલ પાણીની મુખ્યલાઈન નાંખવામાં આવ્યા બાદ ઘરોની લાઈન સાથે જોડાણ આપવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

જેમાં ઘરોની લાઈન પર મીટર મુકવા માટે ઘરના કમ્પાઉન્ડમાં ખોદકામ કરી ટાઈલ્સ અને માર્બલ તોડવાની પણ ફરજ પડે છે. જયારે આ મામલે સ્થાનિકોમાં વિરોધ પ્રવર્તયો છે. ઘરોમાં મીટર મુકવા માટે કમ્પાઉન્ડમાં તોડફોડ કરવાનુ અનિવાર્ય બને છે. એકબાજુ મીટર પધ્ધતિથી પાણી સપ્લાય કરવાની યોજના અન્વયે રહીશોના માથે આર્થિક બોજ સહન કરવાનો વારો આવશે ત્યારે મીટર મુકવાના મામલે થતી તોડફોડ પણ સ્થાનિકોમાં રોષનુ કારણ બની છે. જેના લીધે ઘણાં કિસ્સામાં અધિકારીઓએ સ્થળ પર જઈ સમજાવાની પણ ફરજ પડે છે.

સેકટરોમાં ૮૦ મીટરથી માંડીને ૩૩૦ મીટરના પ્લોટમાં પાણીની ઉંડી લાઈનમાં મીટર મુકવાના મામલે એકાદ મીટર ઉંડાણમાં ખોદવાની અનિવાર્યતા ઉભી થાય છે. જયારે ટાઈલ્ક કે માર્બલ તોડવામાં આવે તે ડિઝાઈન પેટર્ન પણ હવે ઉપલબ્ધ ન હોવાના લીધે રહીશોની મુંઝવણ વધી છે. તોડફોડની સાથે રહીશોએ ખર્ચ પણ વેઠવાનો વારો આવે છે. જયારે ઘણા કીસ્સામાં સ્થાનિકો દ્વારા કોન્ટ્રાકટરોને સીધા ઉચ્ચ અધિકારીઓ સાથે ફોન પર વાત કરાવાની ચિમકી આપવામાં આવે છે. આ સ્થિતિ વચ્ચે મીટર મુકવાની કામગીરી પણ વિલંબમાં પડે તેવી સ્થિતિ છે. જયારે તંત્ર માટે પણ શિરદર્દ ઉભો થયો છે.

## ધો.૧૨માં ૧૦૦ ગુણના પ્રશ્નપત્રમાંથી કુલ ૬૬ ગુણનું જ મૂલ્યાંકન કરવાનો આદેશ

### સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષાને લઈને ગાઈડલાઈન : જુના અભ્યાસક્રમ મુજબ સવાલ પુછાતા વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાયા હતા

ગાંધીનગર, તા.૧૮

ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના આંકડાશાસ્ત્ર વિષયની પૂરક પરીક્ષા મામલે મહત્વની અપડેટ સામે આવી છે. ૧૦૦ ગુણના પ્રશ્નપત્રમાંથી કુલ ૬૬ ગુણનું જ મૂલ્યાંકન કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. આંકડાશાસ્ત્રના પેપરમાં ૪૭ પ્રશ્નોમાંથી ૧૬ પ્રશ્નો રદ કરાયા છે.

કુલ ૩૧ પ્રશ્નોનું મૂલ્યાંકન કરવાનું રહેશે અને જેના ૬૬ ગુણ થાય છે. આ આંકડાશાસ્ત્રની પૂરક પરીક્ષા ૧૩ જુલાઈએ લેવાઈ હતી જેમાં અભ્યાસક્રમ બહારના પ્રશ્નો પુછાયા હતા. જુના અભ્યાસક્રમ મુજબ સવાલ પુછાતા વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાયા હતા. આખરે મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર ખાતે મૂલ્યાંકન કરવા માટે ગાઈડલાઈન આપવામાં આવી હતી.

આ સમગ્ર મામલે ગાઈડલાઈન આપવામાં આવી છે. જેમાં પ્રશ્નપત્રના વિભાગ છ માંથી ૨, ૮, ૯, ૧૦ નંબરના પ્રશ્ન રદ કરાયા જ્યારે વિભાગ મ માંથી ૧૨, ૧૯ અને ૨૦ નંબરના પ્રશ્નો રદ કરાયા છે. વિભાગ ઝ માંથી ૨૨, ૩૧ અને ૩૨ નંબરનો પ્રશ્ન રદ કરાયા છે જ્યારે વિભાગ ઢમાં ૩૪, ૩૫, ૩૭, ૪૦ નંબરનો પ્રશ્ન રદ કરાયા છે તેમજ વિભાગ ઈમાંથી ૪૩ અને વિભાગ હ્ર માંથી ૪૭ નંબરનો પ્રશ્ન રદ કરાયો છે.

અત્રે ઉલ્લેખનીય વાત છે કે, આ પ્રશ્નનો જવાબ વિદ્યાર્થીઓએ લખ્યો હશે તો પણ તેના ગુણભાર આપવામાં આવશે નહી તેવો બોર્ડ દ્વારા જણાવાયું છે. ૧૦૦ પ્રશ્નોમાંથી ૬૬ ગુણનો મૂલ્યાકન કરવામાં આવશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

Pidilite Roff TILE & STONE FIXING EXPERT

Birla White THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ટચૂકડી જાહેર ખબર

દર રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com